જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૧૧/૨૦૧૪ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૮૩/૧૪**

**ધાર્મિક જગ્યાઓ તેમજ મેળાઓની ભીડનો લાભ લઇ મોંઘા મોબાઇલ ફોનની ચોરી કરતાં ઇસમને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

નાયબ પોલીસ કમિશ્નર શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ બ્રાન્ચ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી સાયબર ક્રાઇમ સેલ નાઓની સુચના થી પોલીસ ઇન્સ્પેક્ટર કિરણ પટેલની ટીમના પો.સબ.ઇન્સ.રાજેશ સુવેરા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સાથેના હે.કોન્સ.રાકેશકુમાર રમાશંકર તથા પો.કો.રાજેન્દ્રકુમાર જીવરામભાઇ નાઓને મળેલ ચોકકસ બાતમી હકિકત આધારે વિશાલ નારાયણદાસ માવર(મારવાડી ધોબી) ઉવ.૩૬ રહેવાસી ૨૮/૩૨૬, આમ્રપાલી ફલેટ ભકિતનગર પાસે નવાબાપુનગર ચાર રસ્તા બાપુનગર અમદાવાદ શહેર નાને ત્રણ મોબાઇલ ફોન જેની કિંમત રૂ.૧૭૫૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેની પુછ પરછ કરતાં તેણે જણાવેલ છે કે અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં શ્યામ શિખર કોમ્પલેક્ષ કે જ્યાં વધુ પડતાં માણસો મોબાઇલ ફોનની ખરીદી કરવા આવતાં હોય આ ભીડનો લાભ લઇ કોઇપણ રીતે નજર ચુકવી દુકાનમાંથી મોબાઇલ ફોન સેરવી લેતો હતો.

પકડાયેલ બંને ઇસમને આ ચોરેલ ફોન તેઓને પુછ પરછ કરતાં આજથી આશરે એકાદ વર્ષ અગાઉ શ્યામ શિખર કોમ્પલેક્ષ બાપુનગરમાં આવેલ બે દુકાનોમાંથી એક એક ફોન તથા બીજો એક મોબાઇલ ફોન આ શિખર કોમ્પલેક્ષની સામે આવેલ એક દુકાનમાંથી ચોરેલ હોવાની કેફીયત જણાવેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.